જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૨૨ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૭૪૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૫ | ૧,૮૭,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૨/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** દીપાબહેન વા/ઓ ચિરાગભાઈ નેભાણી (ઉ.વ.૩૫)(રહે.ભગીરથ પાર્ક વિભાગ-૨ પાશ્વનાથ કેનાલ રોડ કૃષ્ણનગર)એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે આરોપી કિરણસિંહ ચૌહાણ (રહે."કે.સી.હોલીડે એજન્સી", ઇસ્કોન એન્ટર, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ) એ દિપાબહેનને વિશ્વાસમાં લઇ "ટીકીટ તથા વિઝા" પેટે કુલ રૂપિયા ૪,૭૫,૫૦૦/- મેળવી લઇ, ટીકીટ અને વિઝા નહી આપી દિપાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૩/૨૦૨૨**

**નરોડાઃ** સુનીતાબહેન વા/ઓ પંકજભાઇ દરીયાણી (ઉ.વ.૪૦)(રહે.પુસ્કર હોમ્સ ટોયટા શો-રૂમની બાજુમાં સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન નરોડા સુતરના કારખાના ત્રણ રસ્તા રોડ ઉપર આવેલ નરોડા જી.આઇ.ડી.સી વાળા ગેટ નં-૫ ની સામે રોડ ઉપર એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એ ભેગામળી સુનીતાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન ડાયમંડ ભરેલ લોકેટ સાથેની કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.સોલંકી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૪/૨૦૨૨**

**નારોલઃ** દિલસાદખાન મકસુદખાન જાતે-ખાન (ઉ.વ.૨૦)(રહે.વિર ઇન્ડસ્ટ્રીજના રૂમમાં, રાણીસતી મીલ કમ્પાઉન્ડ, લક્ષ્મણ એસ્ટેટ મોની હોટલના ખાંચામા નારોલ) નાઓ તા.૨૯/૦૯/૨૦૨૨ ના રોજ વિર ઇન્ડસ્ટ્રીજના રૂમમા સુતા હતા દરમ્યાન તા.૨૬/૦૯/૨૦૨૨ ના કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે "જીરાવાલા ઇન્ડસ્ટ્રીઝ" તથા "વિર ઇન્ડસ્ટ્રીઝ" માં કોઇ કારણસર આગ લાગતા દિલસાદખાન ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા તા.૨૯/૦૯/૨૦૨૨ સવારના ૫/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૫૫/૨૦૨૨</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટ**ઃ વૈશાલી ડો/ઓ. સુરેશભાઈ પરમાર (ઉ.વ.૧૬)(રહે.ગલી નં-૨૨ રામરહીમનો ટેકરો વઢીયારી વાસ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૯/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે રીવરફ્રન્ટના પુર્વ કિનારે ઘાટ નંબર-૧૫ રામરહીમ ટેકરા પાછળ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.યુ.ટાપરીયા ચલાવે છે.

**ચાંદખેડા**ઃ વૈશાલીબહેન ડો/ઓ વિજયભાઇ નિકમ (ઉ.વ.૧૭)(રહે.શૈલગંગા સોસાયટી આઇ.પી.સ્કુલ પાસે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી